# BUSINESS મિત્ર

## પોઝિટિવ ખુલ્યા બાદ શેરબજાર તુટ્યું, નિફ્ટી 23400ની નીચે

# શેરબજાર ક્રેશ : રોકાણકારોને રૂ. 3.75 લાખ કરોડનું નુકશાન

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 1: નિફ્ટી વીકલી એક્સપાયરી પુર્વે ભારતીય શેરબજારમાં શરૂઆતી સુધારા સાથે ખુલ્યા બાદ થોડાક સમયમાં જ ઘટાડાની શરૂઆત થઇ ગઇ હતી અને અંતે લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. જેના લીધે નિફ્ટી 23400 પોઇન્ટની સપાટી તોડી નાંખી હતી. જ્યારે રોકાણકારોએ રૂ. 3.75 લાખ કરોડનું નુકશાન થયું છે.

અમેરિકા અને ઇરાન વચ્ચે ફરી એકવાર યુદ્ધની ગતિવિધિઓએ બજારને ખરાબ રીતે તોડી નાંખ્યું છે. સેન્સેક્સ-નિફ્ટી આજે સારા વધારા સાથે ખુલ્યા હતા, જે એક દિવસ પહેલા લગભગ 1.5 ટકાના ઘટાડાથી રિકવર થયા હતા. જોકે, ત્યારબાદ પશ્ચિમ એશિયામાં યુદ્ધના વાતાવરણે એવું દબાણ સર્જ્યું હતું કે સેન્સેક્સ ઇન્ટ્રાડે હાઇ પોઇન્ટથી વધુ તુટી ગયો, જ્યારે નિફ્ટી 23700 પોઇન્ટને પાર કર્યા બાદ 23400 પોઇન્ટ નીચે સરકી ગયો છે. આજે હેવીવેઇટ શેરોની સાથે બ્રોડર માર્કેટમાં નરમાઇ જોવા મળી હતી.

સેક્ટર વાઇઝ જોઇએ તો આઇટી સેક્ટર છેલ્લે સુધી પોઝિટિવ રહ્યો હતો. જે અઢી ટકાથી વધુ વધારા સાથે બંધ થઇ હતી. નિફ્ટી મેલમાં પણ અડધો ઠકાનો ઉછાળો જોવા મળ્યો હતો. બીજી તરફ એફએમસીજી ઇન્ડેક્સ 2.5 ટકા, નિફ્ટી પીએશયુ બેન્ક અને ઓટો ઇન્ડ્રેક્સ 2-02 ટકાનો ઘટાડો જોવાયો હતો. જ્યારે નિફ્ટી રિયલ્ટી ઇન્ડેક્સ 2 ટકા અને બેન્ક નિફ્ટી એક ટકા ઘટ્યો હતો.

ઇરાન-અમેરિકા તણાવના પગલે કોમોડિટીઝ માર્કેટમાં બ્રેન્ટ ક્રુડમાં 2.81 ડોલર વધ્યો હતો અને 93.93 ડોલર પ્રતિ બેરલ પર પહોંચ્યો હતો. જોકે, ભારતના મેન્યુફેક્ચરીંગ સેક્ટર મે મહિનામાં મજબૂત વૃદ્ધિ નોંધાવી હતી, જેમાં અંતિમ આંકડા અગાઉના ફલેશ અંદાજને વટાવી ગયા હતા. એચએસબીસી ઇન્ડિયા મેન્યુફેક્ચરીંગ પીએમઆઇ એપ્રિલમાં 54.7 અને ફલેશ રીડીંગ 54.3થી વધીને 55 થઇ ગઇ છે, જે ત્રણ મહિનામાં શ્રેષ્ઠ સુધારો દર્શાવે છે.

નિફ્ટી એફએમસીજી ઇન્ડેક્સ 2.37 ટકા ઘટ્યો હતો. જેમાં ડાબર ઇન્ડિયા, કોલગેટ, એચયુએલ, ટાટા કન્ઝયુમર, યુનાઇટેડ બ્રુવરીઝ, આઇટીસી, નેસલે ઇન્ડિયા, મેરિકો, ગોદરેજ કન્ઝયુમર અને પંતજલી ઘટ્યા હતા.

બીએસઇ સેન્સેક્સ 508.40 પોઇન્ટ એટલે કે 0.68 ટકા ઘટીને 74267.34 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે સેન્સેક્સ ઇન્ટ્રાડેમાં 75367 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 74203 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 165.15 પોઇન્ટ એટલે કે 0.7 ટકા ઘટીને 23382.60 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 23733 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23357 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 596.10 પોઇન્ટ એટલે કે 1.10 ટકા ઘટીને 53643.10 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે લોઇડસ મેટલ્સમાં 31.16 ગમા, પીટીસી ઇન્ડ.માં 22.54 ગણા, એનએમડીસી સ્ટીલમાં 10.48 ગણા, યુટીઆઇ એએમસીમાં 7.58 ગણા અ ઓલેક્ટ્રા ગ્રીનટેકમાં 7.54 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે પીટીસી ઇન્ડ.માં 22.99 ગણા, એનએમડીસી સ્ટીલમાં 18.16 ગમા, રેડીન્ગટન લિ.માં 9.33 ગણા, ઓલકટ્રા ગ્રીન્ટેકમાં 6.52 ગણા, અને અનંતરાજ લિ.માં 4.98 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં નબળું પ્રદર્શન જોવાયું હતું. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 1.43 ટકા અને સ્મોલકેપ ઇન્ડેક્સ 0.87 ટકા ઘટ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ પણ નબળું પડ્યું હતું.

વૈશ્વિક બજારમાં ઇઝરાયેલના સૈનિકો લેબનોનમાં ઉંડા દબાણ કરવાનો આદેશ આપ્યા પછી વધતા ભૌગોલિક રાજકીય તણાવ વચ્ચે પણ યુરોપિયન બજારોમાં સુધારાની ચાલ જોવા મળી હતી. જ્યારે યુએસ અને ઇરાન વચ્ચે હજુય અનિશ્ચિતતાના માહોલ છે. સમાધાનની ફોર્મ્યુલા સફળ થઇ રહી નથી. આ દરમ્યાન એશિયન બજારો પોઝિટિવ રહ્યા હતા. દક્ષિણ કોરિયાના શેરો નવી રેકોર્ડ ઉંચી સપાટીએ પહોંચ્યા હતા અને વ્યાપક એશિયા પેસેફિક ક્ષેત્રને પાછળ છોડી દીધા હતા. ટ્રમ્પે કહ્યું હતું કે, તેઓ સંઘર્ષને સમાપ્ત કરવાના હેતુથી સોદા પર પહોંચવા માટે કોઇ જલદી નથી, પછી યુએસ-ઇરાન વાટાઘટો પર વિલંબિત અનિશ્ચિતતા વચ્ચે રોકાણકારની ભાવના સાવચેત રહી હતી. યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.09 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે.

જ્યારે કેક 0.29 ટકા અને ડેક્સ 0.26 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 1.01 ટકા, હેંગસેંગ0.86 ટકા, તાઇવાન 1.33 ટકા, કોસ્પી 3.55 ટકા ઉછળીને બંધ રહ્યા હતા. જ્યારે શાંઘાઇ 0.27 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

### રૂપિયો સુધરીને 95ની નીચે સરક્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 1: કરન્સી બજારમાં રૂપિયામાં નજીવો સુધારો જોવાયો હતો. જે 95ની નીચે સરકી ગયો હતો. આજે ડોલરની સામે રૂપિયો 5 પૈસા ઘટીને 94.99ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.04ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 110.45, પાઉન્ડ 128.36, કેનેડિયન ડોલર 68.83, ઓસ્ટ્રેલિયન ડોલર 68.39, જાપાનીઝ યેન 0.5957 અને સીંગાપોર ડોલર 74.21ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 94.99 રૂ. |
| યુરો | 110.45 રૂ. |
| પાઉન્ડ | 128.36 રૂ. |
| યેન | 0.5957 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -508.40 | 74267.34 |
| નિફ્ટી | -165.15 | 23382.60 |
| બેન્ક નિફ્ટી | -596.10 | 53643.10 |

**નિફ્ટી — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટેક મહિન્દ્રા | 4.00 | 1543.20 |
| ઇન્ફોસીસ | 3.58 | 1202.50 |
| કોલ ઇન્ડિયા | 3.21 | 472.60 |
| ટીસીએસ | 1.70 | 2297.40 |
| જેએસડબલ્યુ સ્ટીલ | 1.67 | 1299.40 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચયુએલ | 3.21 | 2084.30 |
| ટાટા કન્ઝયુમર | 2.98 | 1143.30 |
| શ્રીરામ ફાઇનાન્સ | 2.97 | 919.05 |
| મેક્સ હેલ્થકેર | 2.76 | 938.45 |
| આઇટીસી | 2.53 | 279.65 |

**સેન્સેક્સ — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટેક મહિન્દ્રા | 3.80 | 1539.50 |
| ઇન્ફોસીસ | 3.70 | 1202.70 |
| ટીસીએસ | 1.95 | 2297.95 |
| ઇન્ટરગ્લોબ | 1.04 | 4451.80 |
| એચસીએલ ટેકનો | 0.90 | 1195.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચયુએલ | 2.83 | 2085.15 |
| આઇટીસી | 2.53 | 279.75 |
| એનટીપીસી | 2.15 | 378.45 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 2.10 | 2971.20 |
| કોટક મહિન્દ્રા બેન્ક | 1.95 | 377.20 |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| પ્રફુલ/સાલાસર/કેપલોન | રૂ. | ૭૫/૩૬ '' | ૧૩૭.૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૭૦ | ૫૦/૩૬ '' | ૧૪૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૫૧ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૭ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૪૦ | ગાર્ડન | |
| લોકલ | | RIL રિલાયન્સ | | ૪૯/૨૪ એફડીવાય | ૧૪૩ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૨ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૫ |
| ૬૮/૩૬ | ૧૪૪ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૮ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૪૨ | ૧૦૦ ટેક્ષ | ૧૪૦ | ૬૮ ક્રિમ્પ | ૧૪૭ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | વેલનોન (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૪૩ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૪૧ | ૮૦/૭૨ રોટો | ૧૪૫ | ૭૫ ક્રિમ્પ | ૧૪૨ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૫૧ | ૮૦ ક્રિમ્પ | ૧૪૦ |
| ૮૦/૭૨ રોટો. | ૧૪૨ | ૧૬૦ ડીસ્કેટ | ૧૫૧ | ૮૦/૭૨ રોટો | ૧૪૩.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૪૩ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૩૯ | ૮૦/૧૦૮ '' | ૧૪૩.૫ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૪૨.૫ |

**જથ્થાબંધ ખાંડબજાર** — પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂ.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૫૦૦ |
| એમ-30 | ૪૪૫૦ |
| એસ-30 | ૪૪૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૩૫૦ |
| એસ-30 | ૪૩૦૦ |

**તેલ બજાર સુરત** — ૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૯૫૦ | કોપરેલ | ૪૮૫૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૭૦૦ | વનસ્પતિ ઘી | ૨૬૦૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફલાવર | ૨૫૯૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૮૦ | તલતેલ | ૪૬૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૫૪૦ | દિવેલ | ૨૪૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૮૦ | મકાઇ તેલ | ૨૩૬૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૬૦૦૦૦ |
| તેજાબી સોનું | ૧૫૯૯૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૫૨૦૦૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૬૮૦૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૬૦૦૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૬૮૭૦૦ |
| ચાંદી સિક્કા | ૨૭૦૨૦૦ |

# લેપટોપ, કોમ્પ્યુટર્સમાં AI ફંકશન્સ લાવવા Nvidiaએ નવી ચિપ્સ રજૂ કરી

**આ** સુપરચિપ સાથેના એઆઇ કોમ્પ્યુટરો અને લેપટોપ્સ આ વર્ષના અંતભાગે બજારમાં આવવાની આશા

તાઇપેઇ, તા. ૧(એપી): એનવીડિયા(Nvidia)એ સોમવારે નવા પાવરફુલ ચિપ્સ રજૂ કર્યા છે જે લેપટોપ અને ડેસ્કટોપ કમ્પ્યુટર્સમાં અદ્યતન આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) ફંક્શન્સ લાવશે. માઇક્રોસોફ્ટ અને ડેલ સહિતની બ્રાન્ડ્સના આ નવા પર્સનલ કમ્પ્યુટર મોડલ્સ આ વર્ષના અંતમાં લોન્ચ થવાના છે.

સાન્ટા ક્લેરા, કેલિફોર્નિયા સ્થિત એનવીડિયા વૈશ્વિક એઆઈ (AI) માંગમાં આવેલા ઉછાળાનો લાભ ઉઠાવીને ડેટા સેન્ટર્સ માટે હાઈ-એન્ડ ચિપ્સ સપ્લાય કરવામાં પહેલેથી જ જબરદસ્ત સફળ રહી છે, ત્યારે હવે તે AI સિસ્ટમ્સ અને પ્રોડક્ટ્સમાં પોતાની હાજરી વિસ્તારવા માટે અલગ યોજનાઓ બનાવી રહી છે.

એનવીડિયાના તાઈવાનીઝ-અમેરિકન સ્થાપક અને સીઈઓ (CEO) જેન્સન હુઆંગે તાઈપેઈમાં યોજાયેલી વાર્ષિક 'એનવીડિયા જીટીસી' (Nvidia GTC) ઈવેન્ટમાં આ જાહેરાત કરી હતી. તેમણે પોતાના કીનોટ ભાષણમાં જણાવ્યું હતું કે, માઈક્રોસોફ્ટ અને એનવીડિયા પીસી (પર્સનલ કમ્પ્યુટર)ની નવેસરથી શોધ કરવા જઈ રહ્યા છે. હુઆંગે એનવીડિયાની 'RTX સ્પાર્ક સુપરચિપ' પરથી પડદો હટાવતા કહ્યું, આ નવું પીસી બનવા જઈ રહ્યું છે.

આ સુપરચિપ CPU (સેન્ટ્રલ પ્રોસેસિંગ યુનિટ) અને GPU (ગ્રાફિક્સ પ્રોસેસિંગ યુનિટ)ની ક્ષમતાઓનું સંયોજન કરે છે, જે આ વર્ષના અંતમાં શરદ ઋતુમાં લોન્ચ થનારા AI પર્સનલ કમ્પ્યુટર્સ તરીકે ઓળખાતા નવા વિન્ડોઝ લેપટોપ અને ડેસ્કટોપ મોડલ્સને પાવર આપશે. એનવીડિયા હાલમાં એપલ, ગૂગલની પેરન્ટ કંપની આલ્ફાબેટ અને માઈક્રોસોફ્ટને પાછળ છોડીને વિશ્વની સૌથી મૂલ્યવાન કંપની છે.

# ભારતે વર્ષ ૨૦૨૫-૨૬માં સીફૂડની નિકાસમાં નવો રેકોર્ડ બનાવ્યો

**ભારતે** આ વર્ષે ૧૯,૭૨,૦૧૮ મેટ્રિક ટન સીફૂડની નિકાસ કરી છે, જેનું મૂલ્ય રૂ. ૭૩,૮૯૦.૪૬ કરોડ થાય છે

કોચી, તા. ૧ (પીટીઆઇ) વૈશ્વિક પડકારો છતાં ભારતે વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન જથ્થા અને મૂલ્ય બંનેની દૃષ્ટિએ દરિયાઈ ઉત્પાદનો (સીફૂડ)ની નિકાસમાં રેકોર્ડબ્રેક વધારો નોંધાવ્યો છે. આ વર્ષે ભારતે ૧૯,૭૨,૦૧૮ મેટ્રિક ટન સીફૂડની નિકાસ કરી છે, જેનું મૂલ્ય રૂ. ૭૩,૮૯૦.૪૬ કરોડ (૮.૪૬ બિલિયન યુએસ ડોલર) થાય છે.એમ એમપીઈડીએના ચેરમેન પી જવાહરે સોમવારે જણાવ્યું હતું. કોચી સ્થિત મરીન પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી (એમપીઈડીએ) એ ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય હેઠળ સ્થાપિત એક વૈધાનિક સંસ્થા છે, જે દરિયાઈ ઉત્પાદનોની નિકાસને પ્રોત્સાહન અને નિયમન કરે છે. એમપીઈડીએના આંકડા મુજબ, ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન ભારતીય સીફૂડના ટોચના આયાતકારોમાં યુનાઇટેડ સ્ટેટ્સ (અમેરિકા) અને ચીન અગ્રેસર રહ્યા છે, જ્યારે ફ્રોઝન ઝીંગા (ફ્રોઝન શ્રિમ્પ)એ નિકાસ થતી વસ્તુઓમાં પોતાનું પ્રભુત્વ જાળવી રાખ્યું છે. એક નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, નિકાસમાં અગ્રણી આઇટમ ફ્રોઝન ઝીંગાએ રૂ. ૪૯,૦૩૭.૯૩ કરોડ (૫,૬૨૪.૪૮ મિલિયન યુએસ ડોલર)ની કમાણી કરી છે.

જે કુલ નિકાસ કરાયેલા જથ્થાના ૪૦.૧૯ ટકા અને સીફૂડ નિકાસમાંથી થતી કુલ ડોલરની કમાણીના ૬૬.૫૨ ટકા હિસ્સો ધરાવે છે.

વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ભારતે ૭,૯૨,૬૪૭ મેટ્રિક ટન ફ્રોઝન ઝીંગાની નિકાસ કરી હતી. ઝીંગાની નિકાસમાં રૂપિયાના સંદર્ભમાં ૧૩.૧૬ ટકા અને ડોલરના સંદર્ભમાં ૮.૬૪ ટકાની વૃદ્ધિ નોંધાઇ છે.

નિવેદનમાં વધુમાં ઉમેર્યું છે કે, ફ્રોઝન ઝીંગા માટે યુનાઇટેડ સ્ટેટ્સ સૌથી મોટું બજાર રહ્યું છે, જેણે ૨,૫૬,૧૨૮ મેટ્રિક ટનની આયાત કરી છે. ત્યાર બાદ ચીન (૧,૬૯,૫૦૫ મેટ્રિક ટન), યુરોપિયન યુનિયન (૧,૩૫,૫૯૯ મેટ્રિક ટન), દક્ષિણ-પૂર્વ એશિયા (૮૩,૮૧૦ મેટ્રિક ટન), જાપાન (૪૦,૭૭૬ મેટ્રિક ટન), મધ્ય પૂર્વ (૩૦,૪૭૮ મેટ્રિક ટન) અને અન્ય દેશો (૭૬,૩૫૧ મેટ્રિક ટન)નો ક્રમ આવે છે.

## યુએસ-ઈરાન તણાવ વચ્ચે સોનાના ભાવમાં રૂ. 2500નો ઘટાડો

નવી દિલ્હી, તા. ૧ (પીટીઆઈ) યુએસ અને ઈરાન વચ્ચે નવેસરથી શરૂ થયેલા સૈન્ય સંઘર્ષને કારણે ક્રૂડ ઓઈલના દરોમાં ઉછાળો આવતાં વૈશ્વિક બજારોમાં થયેલા નુકસાનને પગલે રાષ્ટ્રીય પાટનગરમાં સોમવારે સોનાના ભાવ રૂ. ૨,૫૦૦ ઘટીને રૂ. ૧.૬૦ લાખ પ્રતિ ૧૦ ગ્રામ પર આવી ગયા હતા.

ઓલ ઇન્ડિયા સરાફા એસોસિએશનના જણાવ્યા અનુસાર, ૯૯.૯ ટકા શુદ્ધતા ધરાવતી આ પીળી ધાતુ શુક્રવારના બંધ સ્તર રૂ. ૧,૬૨,૯૦૦ પ્રતિ ૧૦ ગ્રામથી રૂ. ૨,૫૦૦ એટલે કે ૧.૫૩ ટકા ઘટીને રૂ. ૧,૬૦,૪૦૦ પ્રતિ ૧૦ ગ્રામ (તમામ ટેક્સ સહિત) થઈ ગઈ છે.

ચાંદીના ભાવમાં પણ તીવ્ર ઘટાડો જોવા મળ્યો હતો, જે રૂ. ૫,૦૦૦ અથવા લગભગ ૨ ટકા ઘટીને રૂ. ૨,૬૯,૭૦૦ પ્રતિ કિલોગ્રામ (તમામ ટેક્સ સહિત) પર આવી ગયા હતા. અગાઉના સત્રમાં આ શ્વેત ધાતુ રૂ. ૨,૭૪,૭૦૦ પ્રતિ કિલોગ્રામ પર બંધ રહી હતી.

## એપ્રિલમાં ફેક્ટરી ઉત્પાદન ૪.૯ ટકાના ધીમા દરે વધ્યું : સરકારી ડેટા

નવી દિલ્હી, તા. ૧ (પીટીઆઈ) પશ્ચિમ એશિયાની કટોકટી વચ્ચે ઊર્જા ક્ષેત્રમાં નરમ વૃદ્ધિને કારણે એપ્રિલમાં ભારતનું ઔદ્યોગિક ઉત્પાદન ૪.૯ ટકાની ધીમી ગતિએ વધ્યું છે. એમ સોમવારે જાહેર કરાયેલા સત્તાવાર ડેટા અનુસાર જાણવા મળ્યું છે. આધાર વર્ષ બદલીને ૨૦૨૨-૨૩ કર્યા બાદ અને ઈન્ડેક્સના ઘટકોની પુનઃરચના કર્યા પછી બહાર પાડવામાં આવેલો આ પ્રથમ ડેટા છે.

ફેક્ટરી આઉટપુટ, જે ઈન્ડેક્સ ઓફ ઈન્ડસ્ટ્રિયલ પ્રોડક્શન (આઈઆઈપી) ના સંદર્ભમાં માપવામાં આવે છે, તે એપ્રિલ ૨૦૨૫માં ૫.૭ ટકા વધ્યું હતું. માર્ચ ૨૦૨૬માં વૃદ્ધિ દર ૩.૨ ટકા હતો. આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય (એમઓએસપીઆઈ) એ એક નિવેદનમાં જણાવ્યું છે કે, "મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં ૬.૨ ટકાની મજબૂત વૃદ્ધિને કારણે ઈન્ડેક્સ ઓફ ઈન્ડસ્ટ્રિયલ પ્રોડક્શન (આઈઆઈપી) એ એપ્રિલ ૨૦૨૬માં ૪.૯ ટકાની વૃદ્ધિ નોંધાવી છે." મંત્રાલયે જણાવ્યું કે ચાર ક્ષેત્રો - માઈનિંગ અને ક્વોરીંગ, મેન્યુફેક્ચરિંગ, વીજળી અને ગેસ સપ્લાય, વોટર સપ્લાય, સીવરેજ અને વેસ્ટ મેનેજમેન્ટ - માટે એપ્રિલ ૨૦૨૬નો વૃદ્ધિ દર અનુક્રમે (-) ૫.૧ ટકા, ૬.૨ ટકા, ૪.૯ ટકા અને ૬.૬ ટકા રહ્યો છે. આઈઆઈપીનો ઝડપી અંદાજ એપ્રિલ ૨૦૨૫માં ૧૧૩.૧ની સરખામણીએ ૧૧૮.૯ પર છે. એમઓએસપીઆઈએ આઈઆઈપીના આધાર વર્ષને ૨૦૧૧-૧૨ થી સુધારીને ૨૦૨૨-૨૩ કર્યું છે. સુધારેલી બાસ્કેટમાં ૪૬૩ વસ્તુ જૂથો સાથે સંકળાયેલી ૧,૦૪૨ પ્રોડક્ટ્સનો સમાવેશ થાય છે, જેમાં ૧૨૦ નવા વસ્તુ જૂથો સામેલ છે. આધાર વર્ષ સુધારણાની આ કવાયત ઓલ ઈન્ડિયા ઈન્ડેક્સ ઓફ ઈન્ડસ્ટ્રિયલ પ્રોડક્શન (ટીએસી-આઈઆઈપી)ના આધાર વર્ષ સુધારણા માટેની ટેક્નિકલ એડવાઈઝરી કમિટીના નેજા હેઠળ હાથ ધરવામાં આવી હતી. સમિતિનો અહેવાલ ૨૫ મે, ૨૦૨૬ના રોજ બહાર પાડવામાં આવ્યો હતો, જેણે આ પાયો નાખ્યો હતો.

# માર્ચ કવાર્ટરમાં 16 કંપનીઓની આવક બમણી થઈ

**એચએફસીએલ** ખોટમાંથી નફામાં આવી ગઇ, એસજેવીએનની ખોટ ઘટી

મુંબઈ, તા. 1: નાણાકીય વર્ષ 2025-26ના માર્ચ કવાર્ટરના પરિણામોની મોસમ ચાલી રહી છે, ત્યારે 16 જેટલી કંપનીઓના જાહેર થયેલા પરિણામોમાં વેચાણ ગત વર્ષની સરખામણીએ બમણું અથવા તેનાથી વધુનું થયું છે. એટલું જ નહીં, આ કંપનીઓની માર્કેટ કેપ રૂ. 10 હજાર કરોડથી વધુની છે.

ખાસ કરીને ઈટર્નલ-ઝોમેટોનું વેચાણ રૂ. 5833 કરોડથી વધીને રૂ. 17292 કરોડ થયું છે. જેનું મુખ્ય કારણ બ્લિન્કીટના વ્યવસાયનું એકીકરણ અને ઝડપી વાણિજ્ય વ્યવસાયમાં ઝડપી વૃદ્ધિ હતી. આ ઉપરાંત, ટેલિકોમ સેક્ટરની કંપની એચએફસીએલનું વેચાણ 128 ટકા વધીને રૂ. 1824 કરોડ થયું છે. આમ કંપની ખોટમાંથી બહાર આવી છે. કંપનીએ રૂ. 81 કરોડની ખોટમાંથી રૂ. 179 કરોડનો નફો કરી રહી છે. આવી જ રીતે મોતીલાલ ઓસવાલ ફાઈનાન્સીયલની આવક 125 ટકા વધીને રૂ. 221 કરડો થઇ ગઇ છે. મુડીબજારની કંપનીઓમાં રોકાણ પોર્ટફોલિયોનું મુલ્યાંકન ત્રિમાસિક પરિણામો પર અસર કરે છે. તેવી જ રીતે એસજેવીએનના વેચાણમાં 197 ટકાનો વધારો થયો છે, પરંતુ કંપની હજુય પણ ખોટમાં છે, પણ ખોટ ઘટી છે. જ્યારે સૌથી વધુ લોઇડસ મેટલ્સ 311 ટકાથી વધુ થયો છે, જ્યારે નફો 426 ટકાથી વધુ થયુ છે, જ્યારે સૌથી વધુ નફો 900.40 ટકા ઉછળ્યો હતો, જ્યારે ન્યુલેન્ડ લેબમાં 665 ટકા નફો વધ્યો છે.

વારી એનર્જી 112 ટકા, એમસીએક્સમાં 205, પ્રેસ્ટીજ એસ્ટેટ 166 ટકા, ટાટા ઈન્વેસ્ટમેન્ટમાં 143 ટકા, ઈન્ડીગ્રીડ ટ્રસ્ટ 156 ટકા, ક્યુપીડમાં 116 ટકા, થંગામલાઇ જ્વેલરી 105 ટકા, સીંગ્નેચર ગ્લોબલ 112 ટકા, અને લોઇડ એનર્જીમાં 113 ટકાનો વધારો થયો છે.

રિયલ એસ્ટેટના વેચાણમાં 167 ટકાનો વધારો થયો છે અને નફામાં 900 ટકાનો વધારો થયો છે. જોકે, સ્થાવર મિલકત કંપનીઓમાં આવક ઘણીવાર પ્રોજેક્ટ પુર્ણ થવા અને કબજો સોંપણી સમયે નોંધવામાં આવે છે. તેથી એવું જરૂરી નથી કે કંપનીનું વેચાણ અચાનક વધે.

ઘણી વખત તે પહેલાથી વેચાયેલ પ્રોજેક્ટસ પુર્ણ થવાની અસર હોય છે.

આમ, આ કંપનીઓમાં રિયલ એસ્ટેટ, સોલાર એનર્જી, કોમોડિટીઝ, ટેલિકોમ, ફાર્મા અને કેપિટલ માર્કેટ જેવા ઘણા સેકટરો ભારતીય બજારમાં એક સાથે મજબૂત પ્રદર્શન કરી રહ્યા છે. પરંતુ દરેક કંપનીના વિકાસનું કારણ અલગ અલગ હોય છે. કયાંક ઉત્પાદન વધઅયું છે. કયાંક પ્રોજેક્ટસ પુરા થયા છે, ક્યાંક વ્યવાસય વધ્યો છે. ક્યાંક એકાઉન્ટીંગ, બજારની સ્થિતિની અસર જોવા મળી છે. તેથી માત્ર વેચાણ બમણું થવાના આધારે કંપનીનું મુલ્યાંકન કરવું યોગ્ય રહેશે નહીં. રોકાણ કરતા પહેલા નફાની ગુણવત્તા અને વૃદ્ધિનું કારણ સમજવું પણ એટલું જ જરૂરી છે.

## હવે બોન્ડ માર્કેટમાંથી ફુગાવાની નવી ચેતવણીનો સામનો કરતાં ટ્રમ્પ

વોશિંગ્ટન, તા. ૧(એપી): પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની સરકારને નાણાં ઉછીના આપવા અંગે વિશ્વ વધુ સતર્ક બની રહ્યું છે - જેના કારણે વ્યાજદરોમાં વધારો થઈ રહ્યો છે. આ સ્થિતિ એફોર્ડેબિલિટી દબાણોને વધુ વણસાવી રહી છે, આર્થિક વૃદ્ધિને અવરોધી રહી છે અને નવેમ્બરમાં યોજાનારી વચગાળાની ચૂંટણીમાં રિપબ્લિકન પક્ષ માટે નવું જોખમ ઊભું કરી રહી છે. ઈરાન યુદ્ધને કારણે ઉછળેલા ઉર્જાના ભાવ હવે અમેરિકી સરકારને ભંડોળ પૂરું પાડતા બોન્ડની કિંમતોમાં પણ જોવા મળી રહ્યા છે. ૧૦ વર્ષની અમેરિકી ટ્રેઝરી નોટ પરનો વ્યાજદર ફેબ્રુઆરીના અંતમાં યુદ્ધ શરૂ થયું તે પહેલાં ૩.૯૫% હતો, જે વધીને હવે ૪.૪૪% ને વટાવી ગયો છે. એવરેજ મોર્ગેજ રેટ પણ વધીને છેલ્લા નવ મહિનામાં સૌથી ઊંચા સ્તરે પહોંચી ગયા છે, જ્યારે વાહનોના વેચાણમાં ઘટાડો નોંધાયો છે.

આ પડકાર વૈશ્વિક સ્તરનો છે, કારણ કે વિશ્વ હવે ઊંચા ફુગાવાની સંભાવના, સરકારી દેવાની ટકાઉક્ષમતા પર વધતા સવાલો અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ(AI)માં રોકાણમાં આવેલા નાટકીય ઉછાળા સાથે અનુકૂલન સાધી રહ્યું છે, જેના લીધે અનેક દેશોના વ્યાજદરોમાં વધારો થયો છે.

ટ્રમ્પે અમેરિકનોને આશ્વાસન આપવાનો પ્રયાસ કર્યો છે કે તેમની પાસે આશરે ૧.૮ ટ્રિલિયન યુએસ ડોલરની વાર્ષિક બજેટ ખાધને ઘટાડવાની યોજના છે. ભૂતકાળમાં, તેમણે ટેરિફમાંથી થતી આવક, વિદેશીઓ દ્વારા તેમના ગોલ્ડ કાર્ડ વિઝા માટે ચૂકવાતી રકમ, ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી દ્વારા કરવામાં આવતો ખર્ચ કાપ અને ઝડપી આર્થિક વૃદ્ધિ તરફ ઈશારો કર્યો હતો. ગયા અઠવાડિયે, તેમણે જણાવ્યું હતું કે ઉપપ્રમુખ જેડી વેન્સના નેતૃત્વ હેઠળની ફ્રોડ ટાસ્ક ફોર્સ આ જંગી બચતનો માર્ગ ખોલવા માટેની ચાવી સાબિત થશે.

## મે મહિનામાં GST કલેક્શન 3.2% વધીને 1.94 લાખ કરોડ થયું

**મે** 2025માં જીએસટી કલેક્શન રૂ. 1.88 લાખ કરોડ થયું હતું

**સર્વિસ** સેક્ટરમાં 22.2 ટકાનો વધારો સ્થાનિક વપરાશની મજબૂતી દર્શાવે છે

નવી દિલ્હી, તા. 01 (PTI) : સરકારી આંકડા અનુસાર, ગુડ્સ અને સેવાઓના પુરવઠામાં વધારો તેમજ આયાત પર મળેલા ટેક્સને કારણે મે મહિનામાં કુલ જીએસટી કલેક્શન 3.2 ટકા વધીને 1.94 લાખ કરોડથી વધુ થયું છે. ગયા વર્ષે એટલે કે મે 2025માં આ કલેક્શન 1.88 લાખ કરોડ હતું.

જેમાં સેન્ટ્રલ GST (CGST)થી દેશની અંદરના વ્યવહારોમાંથી 37,397 કરોડનું કલેક્શન થયું. સ્ટેટ GST (SGST)થી 45,143 કરોડની કમાણી થઇ જ્યારે ઇન્ટિગ્રેટેડ GST (IGST) થી સ્થાનિક વ્યવહારોમાંથી 51,990 કરોડ મળ્યા. આયાત પર IGSTથી કલેક્શન 19.1 ટકા વધીને 59,654 કરોડ થયું છે, જે દેશની ઔદ્યોગિક ક્ષમતામાં થઈ રહેલો વિસ્તાર દર્શાવે છે. અહેવાલ મુજબ, ટેક્સ પાત્ર વસ્તુઓનો પુરવઠો 26.9 ટકા વધ્યો છે, જે દેશમાં મજબૂત માગ દર્શાવે છે. જ્યારે સર્વિસ સેક્ટરમાં 22.2 ટકાનો વધારો થયો છે, જે સ્થાનિક વપરાશની મજબૂતી દર્શાવે છે.

મે મહિનામાં GST રિફંડ 2.6 ટકા વધીને 27,281 કરોડ થયું છે. રિફંડ બાદ કર્યા પછી, મે મહિનામાં ચોખ્ખી (નેટ) GST આવક 3.3 ટકા વધીને આશરે 1.67 લાખ કરોડ થઇ છે. નોંધનીય છે કે એપ્રિલ મહિનામાં GST કલેક્શન 2.43 લાખ કરોડની ઐતિહાસિક સપાટીએ પહોંચ્યું હતું. ચાલુ નાણાકીય વર્ષ 2026-27ના પ્રથમ બે મહિના (એપ્રિલ અને મે)નું કુલ કલેક્શન 4.37 લાખ કરોડ રહ્યું છે, જે ગયા વર્ષના સમાન ગાળાના 4.11 લાખ કરોડ કરતાં 6.2 ટકા વધુ છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, આ પ્રદર્શન ઘણું સારું છે અને સમગ્ર વર્ષના GST લક્ષ્યાંકને પ્રાપ્ત કરવાની સાચી દિશામાં છે. સરકારે ચાલુ નાણાકીય વર્ષમાં GSTમાંથી 10.19 લાખ કરોડ મેળવવાનું બજેટ નક્કી કર્યું છે.

## રોકડ પછડાયું, ડિજિટલે તમામ રેકોર્ડ તોડયા

**એક** મહિનામાં યુપીઆઇમાંથી 23 અબજ રૂપિયાના વ્યવહારો થયા

નવી દિલ્હી, તા. 1: ક્યુઆર કોડ સ્કેન કરો, પેમેન્ટ થઇ ગયું- આ વકાય હવે દરેક ભારતીયના રોજિંદા જીવનો સૌથી મહત્વપુર્ણ ભાગ બની ગયો છે. ચાની દુકાનોથી લઇને મોટા શોપીંગ મોલ્સ અને હવાઇ મુસાફરી સુધી યુપીઆઇનું પ્રભુત્વ છે અને તે વધી રહ્યું છે. ભારતની સ્વદેશી ડિજિટલ પેમેન્ટ સીસ્ટમે હવે એક નવું અને ઐતિહાસિક સીમાચિહ્ન હાંસલ કર્યુ છે. નેશનલ પેમેન્ટસ કોર્પોરેશન ઓફ ઇન્ડિયાના નવા ડેટા અનુસાર યુપીઆઇએ મે 2026માં એક નવો ઇતિહાસ રચ્યો છે, તેના અગાઉના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે.

એનપીસીઆઇ દ્વારા બહાર પાડવામાં આવેલા નવા આંકડા અનસાર યુપીઆઇ દ્વારા લેવડદેવડ મે મહિનામાં વોલ્યુમ અને મુલ્ય બંને પરિણામોમાં નવી ટોચ પર પહોંચી ગઇ છે.

મે મહિનામાં યુપીઆઇ દ્વરા કુલ 23.2 અબજ ચુકવણી કરવામાં આવી હતી, જેની કુલ કિંમત રૂ. 29.90 લાખ કરોડ રૂપિયાના રેકોર્ડ સ્તરે પહોંચી ગઇ હતી.બજારના નિષ્ણાતોનું માનવું છે કે, આ વૃદ્ધિ નક્કર માગ પર આધારિત છે. કેશ ફ્રી પેમેન્ટસના કો ફાઉન્ડર અ સીઇઓ આકશ સિન્હાના જણાવ્યા અનુસાર, મે મહિનાના આ પ્રભાવશાળી આંકડા મજબૂત અને કુદરતી બજારની માગને પ્રતિબંબિત કરે છે. ઉજાળાની રજાઓ દરમ્યાન ભારે મુસાફરી કરતા લોકો, આઇપીએળ 2026નો તાવ અને આ સમય દરમ્યાન મોસમી વસ્તુઓ પર ગ્રાહકોનો વધતો ખર્ચ આ વિશાળ વ્યવહારનું સૌથઇ મોટું કારણ છે. તેમના જણાવ્યા મુજબ આ એક મહાન મહિના-દર-મહિનાની પુનઃ પ્રાપ્તિ છે અને યુપીઆઇનું સતત વધતું વલણ દર્શાવે છે.

વોલ્યુમ ફ્રન્ટની વાત કરીએ તો આ વર્ષે 23.2 અબજ ટ્રાન્ઝેકશનમાં પણ ગત વર્ષના સમયગાળામાં 18.67 અબજ ટ્રાન્ઝેકશનની તુલનામાં 24 ટકાનો ઉછાળો નોંધાયો છે.

યુપીઆઇ માત્ર દેશમાં જ નહીં પણ ક્રોસ બોર્ડર પણ યુપીઆઇનો ઉપયોગ થઇ રહ્યો છે, અત્યારે યુપીઆઇ આઠથી વધુ દેશોમાં લાઇવ છે અને ઝડપથી વિસ્તરી રહ્યું છે. સંયુક્ત આરબ અમીરાત, સિંગાપર, ભુતાન, નેપાળ અને મોરેશિયસ સહિત સાત દેશોમાં તેનો સફળતાપુર્વક ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ **ટચૂકડી** મંગળવાર, શુક્રવાર, રવિવાર હવે શબ્દ દીઠ ₹૯ +(GST) ઓછામાં ઓછા ૧૨ શબ્દો : જાહેરખબર આપવા માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેકસ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**ઘરબેઠા રીપેરીંગ**
વોશીંગ મશીન, માઈક્રોવેવ ઓવન, ફ્રિઝ. બાલાજી કેરહોમ. Mobile- 9825859049, 7859985601

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**ઘરબેઠા TV, LCD**
LED રીપેરીંગ. દરેક વિસ્તારમાં, દામિની ઈલેક્ટ્રોનિક્સ, અડાજણ. 9898302700

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**મહાદેવ ટુર એન્ડ**
ટ્રાવેલ્સ. (દ્વારકા, સોમનાથ) (ઉજ્જૈન, ઓમકારેશ્વર) (મહારાષ્ટ્ર જ્યોતિર્લિંગ) (ડાકોર, ગળતેશ્વર) 7802062340 (135)

**(સાગર- 9427113317)**
અધિકમાં ઉજ્જૈન, ઓમકારેશ્વર, શનિવાર, રવિવાર/. (એસીમાં) (18- જુનમાં ગોવા ત્રણ નાઈટ)

મિલ્કત વેચવાની છે

**ઓપલાડ**
જી.આઈ.ડી.સી. ઈન્ડસ્ટ્રીયલ શેડ ૧૭x૧૦૦ ફૂટ ના ચાર ગાળા (ગ્રાઉન્ડ ફ્લોર) ભાડેથી આપવાના છે. સંપર્કઃ- 9106712270

**અડાજણમાં**
4 BHK 2200 SQનો ફ્લેટ હવા ઉજાસવાળો તાત્કાલિક વેચવાનો છે 9374535403 (136)

**ફ્લેટ વેચવાનો છે**
આનંદમહલ રોડ, જોગાણીનગર પાસે ,અડાજણ સુરત મુકામે લો રાઈઝ બિલ્ડીંગમાં પ્રથમ માળે 1009 સ્ક્વેર ફીટ 2 BHK ફ્લેટ ફર્નિચર સાથે સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર મુજબનો વેચવાનો છે સંપર્ક 98243 99823

**નાનપુરા વિસ્તારમાં પહેલા અને બીજા માળે ૧૦૦૦ સ્કવેરફુટ જગ્યા ભાડે આપવાની છે. પાર્કિંગ લીફટની સુવિધા સાથે. દલાલ આવકાર્ય**
**મોબાઇલ નં. 9898041152**

**દુકાન મા. કામ**
કરી શકે તેવા માણસ ની જરૂર છે. P.M. હોમ ખપાટીયા ચકલા ઓમકાર બિલ્ડીંઘ સામે ચૌટાબજાર.

નોકરી વિષયક

**અમારે સાફ સફાઈ**
થતા બાથરૂમ ધોવા માટે મહિલા કે પુરુષની જરૂર છે સમય સવારે 8 વાગેથી સાંજે 5 વાગે સુધી પગાર વ્યવસ્થિત આપીશું. મો. નં. 9429618212

**ડેન્ટલ માટે**
અનુભવી સ્ટાફ જોઈએ છે. ઉગત, કેનાલરોડ. સંપર્ક કરો... 9664517181

**જોઈએ છે**
ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી અનુદાનિત લોક સમર્પણ ટ્રસ્ટ સુરત સંસ્થામાં ટી.આઈ પ્રોજેકટ માટે સ્ટાફના ફિક્સ પગારથી ઈન્ટરવ્યૂ રાખેલ છે. આઉટ રીચ વર્કર (1) લાયકાત 10 પાસ વેતન 10500/- TA 1500/- ઈન્ટરવ્યૂ તારીખ - 08/06/2026 સમય 11 થી 1 ઈન્ટરવ્યૂ સ્થળ - લોક સમર્પણ ટ્રસ્ટ, મીરાનગર ,મીની બજાર ,સુરત (મો. નં 9925331884) (134)

**પાર્ટ ટાઈમ જોબ**
છોકરાઓ માટે મજુરા ગેટ નજીક બિસકીટ આઈસક્રીમ દુકાન માટે બપોરે 01 થી 09 9825278010

**ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો**
**M. 9879663828**
ગુજરાતમિત્ર

*અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.*